રજૂ તારીખ : ૦૫/૦૩/૨૦૨૬.
દાખલ તારીખ : ૦૫/૦૩/૨૦૨૬.
ફેંસલ તારીખ : ૧૮/૦૩/૨૦૨૬.
અવધિ : વર્ષ–૦૦,માસ–૦૦,દિન–૧૪.
આંક : .

**મે. સુરતના ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામ : બારડોલી.**

**ફોજદારી જામીન અરજી નંબર : ૧૯૨/૨૦૨૬.**

**અરજદાર :–** **મનોજભાઈ ઉર્ફે કાળુ શીવાભાઈ ગામીત,**
રહેવાસી : જોખા ગામ, ભાથીજી મંદિર ફળીયું,
તાલુકો : કામરેજ, જીલ્લો : સુરત.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–** **ધી સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :–** **ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

==================================================

**અરજદાર તરફે તેમના વિદ્વાન વકીલ શ્રી પી. એચ. સોલંકી.**

**સામાવાળા તરફે વિ. સ્પે. પી.પી. શ્રી કે. કે. રોહિત.**

==================================================

**–:: ચુ કા દો::–**

(૧) હાલના અરજદાર/આરોપીએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન ઉપર મુકત થવા માટે હાલની અરજી કરેલ છે.

(૨) આ કામના અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, માંડવી પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજી. નંબર : ૧૧–૨૧૪૦૩૨૨૫૧૭૪૭/૨૦૨૫, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઇ), ૮૧,

૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાના કામે હાલના અરજદારને અટક કરવામાં આવેલા છે. અરજદાર/આરોપી હાલ જયુડિશ્યલ કસ્ટડીમાં હોવાથી જામીન ઉપર મુકત થવા માટે ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ હાલની જામીન અરજી દાખલ કરવામાં આવેલ છે.

(૩) અરજદાર/આરોપીના વિ. વકીલ શ્રી પી. એચ. સોલંકીની દલીલો સાંભળી. તેઓની એવી રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાનો આક્ષેપ છે. અરજદારે ફરિયાદમાં જણાવ્યા મુજબનો કોઈ ગુનો કરેલ નથી. અરજદાર નિર્દોષ છે અને અરજદારને સદર ગુનામાં ખોટી રીતે સંડોવી દેવામાં આવેલા છે. અરજદાર/આરોપીએ કહેવાતા ગુનામાં સીધી કે આડકતરી રીતે કોઈ ભાગ ભજવેલ નથી. અરજદાર સામે ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ નથી. અરજદાર પાસેથી કોઈ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ નથી. સદર કામે તમામ મુદ્દામાલ કબજે કરવામાં આવેલ છે. હવે કોઈ મુદ્દામાલ રીકવર કરવાનો રહેતો નથી. આરોપી સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઈ આક્ષેપ નથી. સદર ગુનાના સહઆરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોવાથી અરજદારને પેરિટીના સિદ્ધાંતનો લાભ મળવાપાત્ર થાય છે. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહીશ છે. અરજદાર ડી. જે. સાઉન્ડનું કામ કરી પરિવારનું ભરણપોષણ કરે છે. અરજદાર ઉપર કુટુંબના ભરણપોષણની જવાબદારી છે. અરજદારનો કોઈ ગુનાહિત ઈતિહાસ નથી. અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તેઓ નાસી ભાગી જાય તેમ નથી અને સાહેદોને ફોડવાની કોશિશ કરે તેમ પણ નથી. સદર ગુનાનો કેસ ચાલી આખરી નિકાલ આવતાં ઘણો સમય જાય તેમ છે. નામ. અદાલત જે શરતો ફરમાવશે તેનું પાલન કરવા અરજદાર રાજીખુશી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીને જામીન ઉપર મુકત કરવા અરજ કરેલ છે.

(૪) સદર કામે વિ. સેપે. પી.પી. શ્રી કે. કે. રોહિતની દલીલો સાંભળી. તેઓની રજૂઆત છે કે, આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાનો

આક્ષેપ છે. બાતમી આધારે પોલિસ તથા પંચોના માણસોએ બૌધાન ગામની સીમમાં ભવ્ય ફાર્મની પાછળ રેઈડ કરતાં હાલના સહઆરોપીઓ જેનીશ ચૌધરી, વિશાલ મકવાણા, સાજનભાઇ પરમાર તથા સુનિલકુમાર પરમારનાઓ પકડાઇ જવા પામેલા, જયારે અન્ય ઈસમો ભાગી ગયેલા. સ્થળ ઉપરની ત્રણ કારમાંથી તથા ત્યાં નજીકમાં જમીન ઉપરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન, કુલ નંગ-૬,૨૧૬, કિંમત રૂા.૧૫,૧૦,૮૦૦/- નો જથ્થો મળી આવેલ. સદર જથ્થો સહઆરોપી અતુલ પરમાર તથા હાલના અરજદારે મંગાવેલ હતો. આમ, હાલના અરજદારે મુદ્દામાલ દારૂનો જથ્થો મંગાવી સદર ગુનામાં સક્રિય ભૂમિકા ભજવેલ હોવાનું અને તેઓ સામે પ્રથમદર્શનીય કેસ હોવાનું જણાઇ આવે છે. હાલમાં સદર ગુનાની તપાસ ચાલુ છે. અરજદાર ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. જો અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેઓ ફરી આવા ગુનાઓ કરે અથવા નાસી ભાગી જાય તેવી સંભાવના રહેલી છે. આમ, ઉપરોકત હકીકતો જણાવી આરોપીની જામીન અરજી નામંજૂર કરવા વિનંતી કરેલ છે.

(૫) આમ, ઉપર મુજબની બંને પક્ષકારોના વિ. વકીલશ્રીઓની રજૂઆતો સાંભળી. તપાસનીશ અમલદારની એફીડેવીટ પણ વંચાણે લીધી. પોલિસ તપાસના કાગળો વંચાણે લીધાં.

(૬) આ કામે પોલિસ તપાસના કાગળો જોતાં તેમજ ફરિયાદ હકીકતને ધ્યાને લેતાં આ કામના અરજદાર સામે પ્રોહિબીશન એકટની કલમ-૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાનો આક્ષેપ છે. બાતમી આધારે પોલિસ તથા પંચોના માણસોએ બૌધાન ગામની સીમમાં ભવ્ય ફાર્મની પાછળ રેઈડ કરતાં હાલના સહઆરોપીઓ જેનીશ ચૌધરી, વિશાલ મકવાણા, સાજનભાઇ પરમાર તથા સુનિલકુમાર પરમારનાઓ પકડાઇ જવા પામેલા, જયારે અરજદાર તથા અન્ય સહઆરોપીઓ બલી રાઠોડ, દેવ રાઠોડ, યોગેશ પરમારનાઓ ભાગી ગયેલા. સ્થળ ઉપરની ત્રણ કારમાંથી તથા ત્યાં નજીકમાં જમીન ઉપરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલો તથા બીયરના ટીન, કુલ નંગ-૬,૨૧૬, કિંમત રૂા.૧૫,૧૦,૮૦૦/- નો જથ્થો મળી આવેલ. સદર જથ્થો સહઆરોપી

અતુલ પરમાર તથા હાલના અરજદારે મંગાવેલ હતો. આમ, હાલના અરજદાર સામે મુદ્દામાલ દારૂનો જથ્થો મંગાવવા સંબંધેનો આક્ષેપ જણાઇ આવે છે. અરજદાર સામેના આક્ષેપિત ગુનાઓ ધ્યાને લેતાં તેઓ સામે આજીવન કેદ કે મોતની સજાને પાત્ર ગુનાનો કોઇ આક્ષેપ નથી. વળી, ગુનાનો પ્રકાર જોતાં આરોપી પુરાવા સાથે ચેડાં કરે તેમ પણ જણાઇ આવતું નથી. આરોપી સામેના ગુનાની ટ્રાયલ વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં ચાલવા પાત્ર છે અને આરોપી સામેની ટ્રાયલ ચાલતાં સમય જાય તેમ છે. અરજદાર સામે અન્ય આઠ ગુનાઓ નોંધાયેલ હોવાની હકીકત તપાસનીશ અધિકારીની એફીડેવીટ જોતાં જણાઇ આવે છે. અરજદાર તરફે આંક : ૬ ની પુરસીસથી સદર કેસોનું સ્ટેટસ રજૂ કરવામાં આવેલ છે, જે ધ્યાને લેતાં ત્રણ ગુનાના કામે આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવેલ હોવાનું તથા પાંચ ગુનાઓ પેન્ડીંગ હોવાનું જણાઇ આવે છે. અલબત્ત, અરજદારને સખ્ત શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ઉચિત જણાય છે. સદર ગુનાના સહઆરોપીઓ જેનીશ ચૌધરી, વિશાલભાઇ મકવાણા, સાજન સતીષભાઇ પરમાર તથા સુનિલકુમાર પરમારને અત્રેની અદાલતે જામીન ઉપર મુકત કરેલા છે. જામીન ઉપર મુકત થયેલા ઉપરોકત સહઆરોપીઓ કરતાં અરજદારની ગુનાના કામની ભૂમિકા વધુ ગંભીર હોય તેમ જણાઇ આવતું નથી, જેથી અરજદારને પેરિટીના સિદ્ધાંતનો લાભ આપી જામીન ઉપર મુકત કરવાનું ઉચિત જણાય છે. અરજદાર સુરત જીલ્લાના કાયમી રહીશ છે, જે હકીકત ધ્યાને લેતાં ટ્રાયલ સમયે અરજદારની હાજરી ઉપલબ્ધ બની રહેશે તેમ જણાય છે. આમ, ઉપરોકત સંજોગોમાં આરોપીને અન્ડર ટ્રાયલ પ્રિઝનર તરીકે જયુડિશ્યલ કસ્ટડીમાં રાખવાથી કાયદાનો કોઇ ચોકકસ હેતુ બર આવે તેવું જણાઇ આવતું નથી. ઉપરોકત તમામ પરિબળોની સાથે સાથે નામદાર સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિરૂદ્ધ સી.બી.આઇ., ૨૦૧૨ ક્રિમિનલ લો જર્નલ, પાના નંબર : ૭૦૨ (એસ.સી.)ના ચુકાદામાં ઠરાવવામાં આવેલા સિદ્ધાંતોને ધ્યાને લેતાં આરોપીને યોગ્ય શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનું ન્યાયોચિત જણાય છે, જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: હુ ક મ ::–

(૧) અરજદાર/આરોપી મનોજભાઇ ઉર્ફે કાળુ શીવાભાઇ ગામીતની હાલની ફોજદારી જામીન અરજી નંબર : ૧૯૨/૨૦૨૬ આથી મંજૂર કરવામાં આવે છે.

(૨) માંડવી પોલિસ સ્ટેશન પાર્ટ "સી" ગુના રજી. નંબર : ૧૧–૨૧૪૦૩૨૨૫૧૭૪૭/૨૦૨૫, પ્રોહિબીશન એકટની કલમ–૬૫(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(ખ) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી રૂા.૫૦,૦૦૦/– અંકે રૂપિયા પચાસ હજાર પૂરાના જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

## –:: શ ર તો ::–

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડાં કરવા નહીં અને ટ્રાયલ દરમ્યાન અદાલતમાં નિયમિત હાજર રહેવું.

(૨) અરજદાર/આરોપીએ વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ પોતાના કાયમી રહેઠાણનું સરનામું તથા ધંધાનું સરનામું રજૂ કરવું.

(૩) અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો તે વિ. ટ્રાયલ કોર્ટમાં જમા કરાવવો અને જો ન ધરાવતા હોય તો તે અંગેનું સોગંદનામું રજૂ કરવું.

(૪) અરજદાર/આરોપીએ સદરહુ કેસનો આખરી નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહીં.

(૫) અરજદાર/આરોપીએ આ હુકમની તારીખથી પાંચ માસ સુધી દર અંગ્રેજી માસની ૧ થી ૫ તારીખ સુધીમાં કોઇ પણ એક દિવસે સંબંધિત પોલિસ સ્ટેશનમાં સવારે ૧૦:૦૦ થી

૧૩:૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પૂરાવવી અને જો આ સમયગાળા દરમ્યાન ચાર્જશીટ દાખલ થાય તો ચાર્જશીટ દાખલ થયા બાદ અરજદારે હાજરી પૂરાવવાની રહેશે નહીં.

આ હુકમની યાદી સંબંધિત વિ. મેજીસ્ટ્રેટશ્રીની અદાલતમાં તથા સંબંધિત પોલિસ સ્ટેશનમાં મોકલી આપવી.

હુકમ આજ **તારીખ :** ૧૮ મી**, માહે :** માર્ચ**, સને :** ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**તારીખ :** ૧૮/૦૩/૨૦૨૬.
**બારડોલી.**

**( પ્રિત કમલ તીરથ રામ )**
ત્રીજા એડીશ્નલ સેશન્સ જજ**,** સુરત**,**
મુકામ : બારડોલી**,** જિલ્લો : સુરત.
U.I. CODE– GJ01594